અપીલ અરજી નં.૬૩૨ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભરતભાઈ આર. વઘાસિયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ આર.વઘાસિયાની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ મુજબ મંજૂર થયેલ વિકાસ પરવાનગી મુજબ મુદ્દા નં.(A) બાંધકામ શરૂ થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ ( B) બાંધકામ પૂર્ણ(પૂરું) થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ વિ. મુદ્દા નં. (A) થી ( F) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૨ /૨૦૧૧–૧૨

શ્રી ભરતભાઈ આર.વઘાસિયાની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ / ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ મુજબ મંજૂર થયેલ વિકાસ પરવાનગી મુજબ મુદ્દા નં.(A) બાંધકામ શરૂ થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ (B) બાંધકામ પૂર્ણ (પૂરું) થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ વિ. મુદ્દા નં. (A) થી (F) ની માહિતી આપવા બાબતે કોઈ પણ પ્રકારની માહિતી કે નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા late અપીલ મોકલવા અંગે જવાબદાર અધિકારી/ કર્મચારીની સ્પષ્ટતા મેળવી તેની વિગતો સહિત માંગેલ માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા અરજદારને** અપીલ દરમ્યાન માહિતી મળે, તો તે બાદ નારજગી અંગે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટતા કરવા તથા તેમનો પક્ષ રજૂ કરવા અત્રેના પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૬૭ તા. ૨૯–૨–૧૨થી પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/આઉટ/નં.૭૧૪ તા. ૧૫–૦૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ / જાવક/ ૧૬૮૯ તા. ૯–૧૨–૧૧થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ તથા કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ તથા અરજદારની તા. ૧૨–૩–૧૨ના રોજ અરજી પરત ખેચ્યા અંગેની મૂળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની આઈ ડી નં.૧૩૦૧ સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ / ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ મુજબ મંજૂર થયેલ વિકાસ પરવાનગી અંગે મુદ્દા નં. (A) થી (F)સુધીની માહિતી માંગણી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૮૯ તા.૯–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ અને કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૨૪ તા.૩૧–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ પણ પ્રકારની માહિતી મળેલ નથી કે નિર્ણય મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૨૩–૧–૧૨ ના રોજ વરાછાઝોન ખાતે અપીલ અરજી કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આઉટ/૭૧૪ તા.૧૭–૨–૧૨ ના રોજ અત્રે મળેલ. જેની સાથે અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૮૯ તા.૯–૧૨–૧૧ તબદીલ થયેલ પત્રની નકલ , શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/૪૨૪ તા.૩૧–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ પત્રની નકલ અને અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧૪ તા.૯–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. મુદ્દા નં. (A) બાંધકામ શરૂ થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

તરફથી સદર બાંધકામ શરૂ થયાનું સર્ટીફીકેટ રજૂ કરેલ હોય એવી કોઈ માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (B) બાંધકામ પૂર્ણ (પૂરું) થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામ પૂર્ણ થયાનું સર્ટીફીકેટ રજૂ કરેલ હોય એવી કોઈ માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ (C) બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટની સંપૂર્ણ નકલ. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામ અંગે બી.યુ.સી.મેળવેલ હોય તેવી કોઈ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. (D) ગટરનું જોડાણ કેવી રીતે આપેલ છે (કેવી રીતે મેળવેલ છે) તેની સંપૂર્ણ વિગત તારીખ સાથે (કઈ કઈ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (E) ઉપરોકત મંજુર પ્લાનમાં એસએમસીની શું શું (કઈ કઈ)જવાબદારી હોય છે અને તે જવાબદારો કયા કયા અધિકારીઓએ કરવાની હોય છે તે તમામ અધિકારીઓના નામ અને હોદ્દાની સંપૂર્ણ વિગત તારીખ સાથે આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપા ધ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ ડીસીઆરની જોગવાઈઓ મુજબ બાંધકામ થાય છે કે કેમ તે જોવાની જવાબદારી સંબધિત અધિકારીઓની હોય છે. સદર મંજુર પ્લાન થયાની તા.૧૬–૧–૦૯ થી આજ દિન સુધી ફરજ બજાવનાર અધિકારીઓની વિગત નીચે મુજબ છે. (૧) જુની. ઈજનેર જયેશ શાહ, તેમજ જુની. ઈજનેરશ્રી શ્રી જે. કે. પારેખ. (૨) ડે.ઈજનેરશ્રી જયેશ સોલંકી (૩) કાર્યપાલક ઈજનેર શ્રી ભરત દલાલ. (૪) આસી. ઈજનેર એન.આર. ગાયવાલા (૫) ડે.ઈજનેર આર.એસ પટેલ (૬) કાર્યપાલક ઈજનેર શ્રી પી ડી મુનશી (F) ઉપરોકત મંજુર પ્લાનમાં આર્કી./એન્જી. ની કઈ કઈ (શું શું ) જવાબદારીઓ હોય છે તે તમામના નામ અને સરનામાની વિગત આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મંજુર પ્લાનમાં ડીસીઆરની જોગવાઈઓ મુજબ આર્કી./એન્જી.ની જવાબદારીઓ હોય છે. સદર મંજુર પ્લાન એન્જી. શ્રી નિલેશ જે. પટેલ ઓ –૧૪ મેઝેનાઈન ફલો, પંચરત્ન ટાવર, લંબે હનુમાન રોડ, સુરત. ૩૯૫૦૦૬ હસ્તક મંજુર થયેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં અરજદારે તા.૧૨–૩–૧૨ ના પત્રથી સદર અરજી માંગ્યા મુજબની નકલો મળી ગઈ હોય જવાબની જરૂર નથી અને તેમણે કરેલી અરજી લેખિત સંમતિથી પરત ખેંચેલ છે. આથી અરજદારની અરજી પરત ખેંચેલ હોઈ અપીલ ચલાવવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. વધુમાં તેમની અરજી પરત ખેંચ્યાનું ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની આઈડી નં. ૧૩૦૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે અરજદાર તરફથી તા.૧૨–૩–૧૨ ના રોજ અરજી પરત ખેંચેલ હોઈ, પરત ખેંચતી અરજી ગ્રાહય રાખી અપીલ અરજી અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતભાઈ આર. વઘાસિયા,